તાપમાન
મહત્તમ : ૩૮.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૭૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧૨ | ૨ જુલાઈ, ૨૦૧૬, શનિવાર ; જેઠ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ઉત્તરાખંડમાં વાદળ ફાટતા ભારે તારાજી

**ભારે વરસાદના પગલે ૩૦ના મોત : અનેક લાપતા : એનડીઆરએફની ટીમો બચાવ અને રાહત કામગીરીમાં સામેલ : ચમોલી અને પિથોરાગઢમાં વાદળ ફાટવાની ઘટનાથી તબાહી : ચારધામની યાત્રા પણ અટવાઈ : અનેક જગ્યાએ પુલ, મકાનો ધરાશાયી : જનજીવન ઠપ**

દહેરાદૂન,તા. ૧

ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાની ઘટના સ્વરુપે ભારે તારાજી સર્જાઈ છે. પિથોરાગઢ, ચમોલી અને અન્ય જગ્યાઓ ઉપર આજે સવારે ભારે વરસાદ થવા અને વાદળ ફાટવાની ઘટનામાં ૩૦થી વધુ લોકોના મોત થયા છે. ડઝનથી વધુ મકાનો ધરાશાયી થઈ ગયા છે. કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં લોકો ફસાઈ ગયા છે. ઉંચાણ વાળા વિસ્તારોમાં અતિ ભારે વરસાદ થઈ રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં તો ૨૪ કલાક વરસાદ પડી રહ્યો છે. ૩૦થી વધુ લોકો હજુ પણ લાપત્તા થયેલા છે. નદી ઉપર જુદી જુદી જગ્યાઓ ઉપર બનાવવામાં આવેલા પુલ પાણીમાં તણાઈ ગયા છે. બીજી બાજુ આઠ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદથી જનજીવન ઠપ થઈ ગયું છે. અલખનંદા, સરયુ અને મંદાકિની સહિત આશરે ૧૦ નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરની આસપાસ પહોંચી ગઈ છે. અલખનંદા નદીમાં પાણીની સપાટી ભયજનક સપાટીથી ઉપર પહોંચી ગઈ છે જેના પરિણામ સ્વરુપે નિચાણવાળા વિસ્તારોમાં પુરનું સંકટ તોળાઈ રહ્યું છે. બાગેશ્વરમાં ભારે વરસાદના લીધે સરયુ અને ગોમતી નદીમાં પાણીની સપાટી વધી રહી છે.





● અનુસંધાન પાન-૭ પર

## અમરનાથ યાત્રા સઘન સુરક્ષા વચ્ચે આરંભાઈ

**૪૮ દિવસની વાર્ષિક અમરનાથ યાત્રાના ભાગરુપે પ્રથમ ટુકડીને લીલીઝંડી અપાઈ : આતંકવાદી હુમલાનો ખતરો**



જમ્મુ,તા. ૧

અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથ યાત્રાની શરૂઆત થઈ ગઈ છે. ૪૮ દિવસની વાર્ષિક અમરનાથ યાત્રાની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી. નાયબ મુખ્યમંત્રી નિર્મલસિંહે ગુફા માટે રવાના થવા ૧૨૮૨ શ્રદ્ધાળુઓની પ્રથમ ટુકડીને આજે લીલીઝંડી આપી હતી. ભગવતીનગર વિસ્તાર ખાતે અમરનાથ બેઝ કેમ્પ ખાતે હવાઈ સુરક્ષા માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બંને રુટ ઉપર ૨૦૦૦૦થી વધારે સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. અમરનાથ યાત્રાને શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટે તમામ તૈયારીઓ પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. શ્રદ્ધાળુઓની પ્રથમ ટુકડીમાં ૯૦૦ પુરુષો, ૨૨૫ મહિલાઓ, ૧૩ બાળકો અને ૧૪૪ સાધુ-સંતોનો સમાવેશ થાય છે. આ લોકો આજે વહેલી સવારે ભગવતીનગર બેઝ કેમ્પથી રવાના થયા હતા.

# સ્વદેશી તેજસ યુદ્ધ વિમાન હવાઈદળમાં સામેલ

**બેંગ્લોરમાં સવારે શુભ મુર્હૂતમાં તેજસની વાયુસેનામાં એન્ટ્રી થઇ : હવાઈદળમાં સામેલ કરાયા બાદ સવારે ૧૧.૧૫ વાગે તેજસ વિમાને ઉડાણ ભરી : ચીન અને પાકિસ્તાન દ્વારા બનાવાયેલા વિમાન કરતા પણ ખતરનાક**

નવી દિલ્હી,તા. ૧

જેની ઘણા સમયથી ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે સ્વદેશી હળવા યુદ્ધ વિમાન (એલસીએ) તેજસ આજે શુક્રવારે શુભ સમયમાં ભારતીય વાયુ સેનામાં સામેલ કરવામાં આવ્યા હતા. વાયુ સેનાના કાફલામાં શરૂઆતમાં બે તેજસ વિમાન સામેલ કરવામા ંઆવ્યા છે. બેંગલોરમાં શુક્રવારે તેજસ વિમાનની હવાઈ દળમાં એન્ટ્રી થઈ ગઈ હતી. આ પ્રસંગે તમામ ધર્મની પ્રાર્થના કરવામાં આવી હતી. એરફોર્સના અધિકારીઓએ નારિયળ પણ ફોડ્યા હતા. વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા બાદ સવારમાં ૧૧.૧૫ વાગે તેજસ વિમાને ઉંડાણ ભરી હતી. ભારતીય હવાઈ દળ તેજસવિમાનોની સ્કકોડ્રોન બનાવશે. આ વિમાનને જાહેર ક્ષેત્રની કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. પ્રથમ બે વર્ષ આ સ્કવોડ્રોન બેંગ્લોરમાં રહેશે. ત્યારબાદ તમિળનાડુમાં જશે. ૧૭મી મેના દિવસે તેજસમાં પોતાની પ્રથમ ઉંડાણ ભરનાર એરચીફ માર્શલ અરૂપ રહાએ વિમાનને હવાઈ દળમાં સામેલ કરવાની બાબતને ઐતિહાસિક ગણાવી હતી. હવાઈ દળે કહ્યુ છે કે

● અનુસંધાન પાન-૭ પર





ભગવાનનું મોસાળું - રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજી મોસાળ સરસપુર મંદિરે આજે મોસાળુ ચડાવાયું... સરસપુરના ઉત્સાહી ભાવિકોએ ભગવાનને મોસાળામાં મનપસંદ દાગીના અને કપડા અર્પણ કર્યા હતા... અત્રે ઉલ્લેખનીય છે કે આગામી ૨૦ વર્ષ સુધીનું મોસાળા માટે ભાવિકોએ નામ નોંધાવી દીધા છે...

# ભાવનગરમાં સાડા ચાર ઈંચ વરસાદ

**સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ નોંધાયો : બાબરામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ : લિલિયા તાલુકાના અનેક ગામોમાં પણ એકથી ત્રણ ઇંચ : રાજકોટ, અમરેલી અને ગઢડામાં ધોધમાર વરસાદ નોંધાયો**

અમદાવાદ,તા. ૧

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદની ચેતવણી વચ્ચે આજે ભારે વરસાદ પણ થયો હતો. ભાવનગરમાં કલાકોના ગાળામાં જ ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો જેથી જનજીવનને અસર થઈ હતી. બાબરામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. અનેક વિસ્તારોમાં ત્રણ ઈંચ વરસાદ પણ થયો હતો. સૌરાષ્ટ્રમાં છેલ્લા એક સપ્તાહથી જુદી જુદી જગ્યાઓએ મેઘરાજા મહેરબાન થયેલા છે. ભાવનગરમાં કલાકોના ગાળામાં જ સાડા ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો હતો. બાબરામાં પણ નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. બીજી બાજુ લિલિયાની ગાગડિયા નદીમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. રાજુલા અને બાબરા પંથકમાં ભારે વરસાદ નોંધાયો હતો જેથી પાણી ભરાઈ ગયા હતા. બાબરામાં નોંધપાત્ર વરસાદથી જનજીવન પર પણ માઠી અસર થઈ હતી. લિલિયા તાલુકાના ક્રાંકચ, ઈંગોરાળા, બવાડી, બવાડા જેવા



ગામોમાં એકથી ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના પરિણામ સ્વરુપે લોકોએ મજા પણ માણી હતી. દરિયાઘાટ માર્ગને બંધ કરવાની ફરજ પડી હતી. અમરેલીમાં ધોધમાર વરસાદ થયો હતો. રાજકોટમાં પણ ધોધમાર વરસાદ થયો હતો. સૌથી વધારે વરસાદ ભાવનગરમાં નોંધાયો હતો. બીજી બાજુ હવામાન વિભાગે ભારે વરસાદની ચેતવણી પણ એક દિવસ માટે જારી કરી છે. આજે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રમાં કેટલીક જગ્યાઓએ વરસાદ થયો હતો. અપરએર સાયકલોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાયેલી છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૩૭.૯ અને લઘુત્તમ તાપમાન ૨૭.૭ ડિગ્રી રહ્યું હતું. અત્રે નોંધનીય છે કે, ગુજરાતભરમાં અનેક વિસ્તારોમાં નોંધનીય વરસાદ નોંધાયો છે. હાલમાં વડગામ, ઉંઝા, બેચરાજીમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ચુકયો છે. મહેસાણા જિલ્લાના બેચરાજીમાં ગઈકાલે જ ૬૫ મીમી વરસાદ થયો હતો જ્યારે બનાસકાંઠા જિલ્લાના વડગામમાં ૫૨ મીમી વરસાદ થયો હતો. ત્રણ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ તરફથી કરવામાં આવેલી આગાહી મુજબ આગામી પાંચ દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. કોઈપણ પ્રકારની ચેતવણી ભારે વરસાદની જારી કરવામાં આવી નથી. વરસાદની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી વરસાદ ન પડતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

## જૂન માસમાં ૧૧ ટકા ઓછો વરસાદ

નવીદિલ્હી,તા. ૧

વરસાદી સિઝનના પ્રથમ મહિનામાં અપેક્ષા કરતા ઓછો વરસાદ રહેતા ફરી એકવાર ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જૂન મહિનામાં દેશભરમાં ૧૧ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. મુખ્યરીતે ચોમાસુ બેસવામાં વિલંબ થવાના પરિણામ સ્વરુપે આ સ્થિતિ સર્જાઈ છે. આ ઓછા વરસાદની સ્થિતિ હોવા છતાં ભારતના ૩૬ સબ ડિવિઝનના આશરે બે તૃતિયાંશ વિસ્તારમાં વરસાદ થયો છે. જૂન મહિનામાં ઓછો વરસાદ રહેવા માટે જે કારણ છે તેમાં મુખ્ય કારણ મોનસુન બેસી જવામાં આઠ દિવસનો વિલંબ રહ્યો છે. જો કે, મોનસુન બેસી ગયા બાદ પ્રગતિ ઘણી સારી થઈ છે પરંતુ મધ્ય ભારતમાં અપેક્ષા મુજબનો વરસાદ થયો નથી. જો કે, જુલાઈ મહિનામાં સારો વરસાદ રહી શકે છે.


KOOK WITH KANINIKA
Learn Bread, Bakery, Microwave Cooking, Zatpat Nasta, Punjabi & Continental, Rajasthani Thali, Sandwiches, Mocktails & Lot more.
HOBBY CLASSES
Candle, Flowers, Lamasa, Vegetable Carving, Jewellary Making & Lot more
• 98799 77286 •
• 87338 17324 •
Plot No. 426/1, F.F., Sec-12/B, Gandhinagar
www.kaninika.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
NAGARJUNA · BAN Since 1966 · Himalaya Herbal Healthcare · ZANDU · VASU Healthcare Pvt. Ltd. · पतंजलि · Baidyanath · Dabur · SANDU · Charak
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

Super SALE Returns
Faaydo, Guaranteed!
• Casual and Party Wear Sarees • Dress Materials • Lehengas • Kurtas & Readymade Suits
Girls Ethnic Wear (3 to 15 yrs.)
ASHRAM ROAD
DEEPKALA SILK PALACE
Trusted since 1983
Nehru Bridge Corner, Ahmedabad.
Call : 9879610562
Sunday open • Valet parking